




## પાલનપુરની આ તસ્વીરો ૫૫ દિવસે બદલાશે...

સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી હાહાકાર મચી જવા પામેલ. ત્યારે આપણા દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકડાઉન કરી સમગ્ર દેશને બચાવી લેવા ઉત્કૃષ્ટ પ્રયાસ કર્યો. ગત તા.૨૪-૦૩-૨૦૨૦ થી લોકડાઉન.૧, ૨ અને ૩ ત્યારબાદ આજ તા.૧૮-૦૫-૨૦૨૦ થી લોકડાઉન.૪ નવા રંગ રૂપ સાથે તમામ રાજ્યોને પાવર આપી અમલમાં આવશે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લાની સ્થિતિ હાલમાં મહ્‌દ અંશે સારી છે. જિલ્લા વડા મથક પાલનપુર શહેરની ઉપરોક્ત લોકડાઉન સમયની તસવીરો શહેરના ઐતિહાસિક પાતાળેશ્વર મહાદેવ અને કીર્તીસ્તંભ વિસ્તાર તથા સતત ધમધમતા એવા દિલ્હીગેટ સ્વામી વિવેકાનંદ ચોકની છે જ્યાં હવે લોકડાઉન.૪ અમલમાં આવતા આ તસ્વીરો હવે ૫૫ દિવસના લાંબા સમયગાળા બાદ બદલાશે. શહેરના જનજીવન ફરી પાટા પર ચઢશે. અનેક લોકો કામ ધંધે લાગશે. આ દિવસની ચાતક નજરે દેશની જનતા વાટ જોઈ રહી હતી.

# રાજ્યમાં નવા ૩૬૬ કેસ, ૩૫ મૃત્યુ

## ગુજરાતમાં કુલ મૃત્યુ આંક ૬૯૪, જ્યારે કુલ કેસ ૧૧૭૪૬, અમદાવાદમાં નવા ૨૬૩ કેસ સાથે કુલ કેસ ૮૬૮૩, વધુ ૩૦૫ ડીસ્ચાર્જ થતાં કુલ ૪૮૦૪

ગાંધીનગર,તા.૧૮ સમગ્ર ભારતમાં કોરોનાનો આતંક યથાવત રીતે જારી છે. દેશમાં અનેક રાજ્યોની સ્થિતિ ખુબ જ ખરાબ થયેલી છે જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યનો સમાવેશ થાય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૬૬ નવા કેસ સામે આવ્યા છે અને ૩૫ દર્દીના મૃત્યુ થયા છે.

આમ અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૧૭૪૬ કેસ નોંધાયા છે અને ગુજરાતમાં મૃત્યુઆંક વધીને ૬૯૪ પર પહોંચ્યો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ વધુ વિગત આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હજુ સુધી ૧૪૮૮૨૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૧૧૭૪૬નો રિપોર્ટ પોઝિટિવ અને ૧૩૭૦૭૮નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જે વિસ્તારોમાં કેસ નોંધાયા હતા તેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૬૩ કેસ નોંધાયા હતા જ્યારે સુરતમાં ૩૩, વડોદરામાં ૨૨, ગાંધીનગર ૧૨, પાટણ ૭, વલસાડ ૬, ભાવનગર અને દાહોદમાં ૪-૪, કચ્છ - જૂનાગઢમાં ૩ - ૩, મહીસાગરમાં ૨, ખેડા, સાબરકાંઠા અને સુરેન્દ્રનગરમાં ૧-૧ કેસ નોંધાયા હતા. મૃત્યુ પામેલ દર્દીઓ અંગે વાત કરતા અગ્ર સચિવ જયંતિએ રવિએ કહ્યું હતું કે, રાજ્યમાં ૨૪ કલાકમાં ૩૫ લોકોના મોત થયા છે.

અમદાવાદમાં ૩૧, સુરતમાં ૨ વ્યક્તિના મોત થયા છે. રાજ્યમાં કુલ મોતનો આંકડો વધીને ૬૯૪ ઉપર પહોંચી ચુક્યો છે. કોરોનાની અપડેટ વિગતો આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છેકે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૬ કેસ નોંધાયા છે, જ્યારે ૩૫ દર્દીના મોત નીપજ્યાં છે. કુલ ૧૮૧ જેટલા લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ સાથે રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દી ૧૧૭૪૬થઈ છે. અત્યારસુધીમાં કુલ ૪૮૦૪ ડિસ્ચાર્જ થયા છે. ૬૨૧૦દર્દી સ્ટેબલ અને ૩૮ વેન્ટિલેટર પર છે.

### ભિલોડા તાલુકાના વાંસળી ગામમાં ત્રણ વ્યક્તિને કોરોના પોઝિટીવ

ભિલોડા,તા.૧૮

કોરોના વાઈરસની મહામારીનું સંક્રમણ દિન - પ્રતિ - દિન વધતા પ્રજાજનો થર થર ધ્રુજી રહ્યા છે. લૉકડાઉનના લીરેલીરા ઉડી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં વધુ ત્રણ કોરોના કેસ સામે આવ્યા છે. ભિલોડા તાલુકાના વાંસળીમાં ગામમાં એક જ પરિવારના ત્રણ લોકોને કોરોના પોઝિટિવ આવતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પિતા સહીત પુત્ર-પુત્રીને કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે.ટ્રાવેલીંગ હીસ્ટ્રી મુંબઈ છે. ત્રણેય વ્યક્તિને આરોગ્ય વિભાગના ધ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરાયા હતા. મુંબઈ થી માદરે વતનમાં આવેલ પરિવારને કોરોના પોઝિટિવ સામે આવ્યો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકામાં આજ દિન સુધીમાં કુલ કેસ ૧૬ કેસ નોંધાયા છે. અરવલ્લી જીલ્લામાં કુલ ૮૩ કોરોના કેસ,૭૩ કેસ ડિસ્ચાર્જ કરાયા છે.

શંકાસ્પદ વ્યક્તિઓના સેમ્પલનો રીપોર્ટ હજુ બાકી પરંતુ સ્વયંભુ જાગૃતીનો અભાવ ઠેર ઠેર જોવા મળી રહ્યો છે. હજુય કેસો વધશે તેવી સંભાવના સેવાઈ છે. બજારોમાં દુકાનો ટપોટપ ખુલતા મેળા જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

### બનાસકાંઠામાં કોરોનાનો વધુ બે પોઝિટિવ કેસ

બનાસકાંઠા જિલ્લામાં સોમવારે મોડી સાંજે વધુ બે વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના શેરગઢ ગામે મુંબઈથી આવેલા પિતા-પુત્રનો રિપોર્ટ પોઝિટિવ છે. જેમને પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૮૯ થવા પામી છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૪ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધી રહી છે. બીજી તરફ દર્દીઓ સ્વસ્થ પણ થઈ રહ્યા છે. હવે માત્ર ૮ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે આવી સ્થિતિમાં જિલ્લામાં સોમવારે મોડી સાંજે વધુ બે વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, દાંતીવાડાના શેરગઢ ગામે મુંબઈથી આવેલા પિતા- પુત્રનો રિપોર્ટ પોઝિટિવ છે. પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૮૯ થવા પામી છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૮૬૮૩ | ૫૫૫ | ૨૮૪૧ |
| સુરત | ૧૧૨૭ | ૫૩ | ૭૪૪ |
| વડોદરા | ૬૮૨ | ૩૨ | ૪૩૫ |
| ગાંધીનગર | ૧૮૦ | ૬ | ૬૮ |
| ભાવનગર | ૧૧૨ | ૮ | ૭૫ |
| બનાસકાંઠા | ૮૩ | ૦૪ | ૭૩ |
| આણંદ | ૮૩ | ૦૮ | ૭૪ |
| રાજકોટ | ૮૦ | ૦૨ | ૫૨ |
| અરવલ્લી | ૮૧ | ૦૨ | ૭૩ |
| મહેસાણા | ૭૫ | ૦૩ | ૪૬ |
| પંચમહાલ | ૭૧ | ૦૬ | ૫૩ |
| બોટાદ | ૫૬ | ૦૧ | ૪૯ |
| મહીસાગર | ૫૦ | ૦૧ | ૩૮ |
| ખેડા | ૪૭ | ૦૧ | ૨૪ |
| પાટણ | ૪૯ | ૦૩ | ૨૫ |
| જામનગર | ૩૫ | ૦૨ | ૧૮ |
| ભરૂચ | ૩૨ | ૦૩ | ૨૫ |
| સાબરકાંઠા | ૩૯ | ૦૨ | ૧૫ |
| ગીર-સોમનાથ | ૨૫ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૨૮ | ૦૦ | ૧૬ |
| છોટાઉદેપુર | ૨૧ | ૦૦ | ૧૪ |
| કચ્છ | ૩૧ | ૦૧ | ૦૬ |
| નર્મદા | ૧૩ | ૦૦ | ૧૨ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૦૨ |
| વલસાડ | ૧૫ | ૦૧ | ૦૪ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૦૯ | ૦૦ | ૦૨ |
| પોરબંદર | ૦૫ | ૦૦ | ૦૩ |
| સુરેન્દ્રનગર | ૦૫ | ૦૦ | ૦૧ |
| મોરબી | ૦૨ | ૦૦ | ૦૧ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૨ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૧૭૪૬** | **૬૯૪** | **૪૮૦૪** |

### ધંધાને છૂટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, ૫૪ દિવસથી લોકડાઉનની સ્થિતીમાં નિયમોના અનુપાલન કોરોના વોરિયર્સ એવા તબીબો, પોલીસ, નર્સ સ્ટાફ, સફાઇ કર્મીઓની સેવા ભાવનાને પણ તેમણે બિરદાવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, લોકડાઉન ૧,૨ અને ૩ ના નિયમોના પાલન બાદ હવે લોકડાઉન-૪ માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને ગ્રીન, રેડ, યલો, ઓરેન્જ ઝોનના આધારે લોકડાઉન અનુપાલન કરવા સૂચવેલું છે. ગુજરાતમાં રાજ્ય સરકારે આવા ઝોનમાં કન્ટેનમેન્ટ ઝોન અને નોન કન્ટેનમેન્ટ ઝોનના આધાર ઉપર નિયમોમાં કેટલીક છૂટછાટો સાથે લોકડાઉન-૪ માટેની ગાઇડ લાઇન આજે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતીમાં જાહેર કરી હતી. મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, રાજ્યમાં જાહેરમાં માસ્ક ફરજીયાત બનાવાયા છે ત્યારે લોકોને માસ્ક સરળતાએ મળી રહે તેવી વ્યવસ્થાઓ પણ રાજ્ય સરકારે ગોઠવી છે. જે વ્યકિતઓને એન-૯૫ કે ત્રિપલ લેયર માસ્ક પોતાના ઉપયોગ માટે ખરીદવા હોય તેમને રાજ્યમાં અમૂલના દૂધ પાર્લર ઉપરથી તે મળી શકશે.

### તલોદ સરકારી હોસ્પિટલની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર સી. જે. પટેલ

તલોદ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક તલોદનગર ખાતે આવેલી સરકારી હોસ્પિટલ (સામુહિક આરોગ્ય કેન્દ્ર)ની આજરોજ જિલ્લા કલેક્ટર સી.જે.




પટેલે અણધારી ઔપચારિક મુલાકાત લઈને હોસ્પિટલ કેમ્પસથી માંડીને ખૂટતા સાધનો (ઈન્સ્ટ્રુમેન્ટ્સ) સહિતની સમીક્ષા કરી હતી. કલેક્ટરે લીધેલી આ મુલાકાત સમયે તલોદ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, હોસ્પિટલ અધિક્ષક, તાલુકા હેલ્થ ઓફિસર તથા તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

ગણતરીની મિનીટો માટેની જ મુલાકાતમાં કલેક્ટરે અહીંના અધિક્ષક ડૉ. રોહિત ઉપાધ્યાય તથા મે.ઓ. ડો. જતીન પટેલ સહીતના તબીબો સાથે વિસ્તૃત સમીક્ષા કરી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિનોદ મુગડે હોસ્પિટલમાં ઉપલબ્ધ પ્રસુતિ સહીતની સવાઓની જાણકારી આપી હતી. તલોદ હોસ્પિટલનું વિશાળ કેમ્પસ અને તબીબો તથા સ્ટાફની કાર્ય પદ્ધતીથી કલેક્ટર પ્રભાવિત થયા હતા. જેઓએ આમ પ્રજા માટેની સેવા-સારવાર-સુશ્રુષા માટેની ખુટતી ચીજવસ્તુઓ તાકીદે પુરી પાડવાની ખાતરી આપી હતી. તલોદની આ હોસ્પિટલ તાલુકાના ૭૦ ગામોના દરદીઓને માટે તથા નજીકના તાલુકાના દરદીઓને માટે પણ આશિર્વાદરૂપ હોવાથી લોકો તેને ''સિવિલ હોસ્પિટલ'' તરીકે જ ઓળખે છે. આ હોસ્પિટલમાં અદ્યતન બિલ્ડીંગના નવનિર્માણની તથા અહીં ૧૦૦ બેડની હોસ્પિટલ મંજૂર કરી આપવાની રાજ્ય સરકાર સમક્ષ કરેલ માંગ વર્ષોથી પડતર છે. જેથી કલેક્ટરે તે અંગે સરકારમાં યોગ્ય રિપોર્ટ કરીને તલોદને ૧૦૦ બેડની અદ્યતન હોસ્પિટલ મળે તેવા પ્રયાસો કરે તેવી લોકલાગણી ઉદ્‌ભવી છે.

તલોદની આ સરકારી હોસ્પિટલમાં આજદિન સુધી ક્યાંક દર્દીઓના નિષ્ણાંત તબીબોની સારવાર અવિરત મળતી જ નથી. ૬૦ વર્ષથી વધુ સમયથી કાર્યરત આ હોસ્પિટલમાં વર્તમાન સમયને ધ્યાને રાખીને અનેકવિધ ફેકલ્ટીઓના નિષ્ણાંત તબીબોના સારવાર ઉપલબ્ધ થાય તે અત્યંત જરૂરી અને આવશ્યક છે. અહીં કાન-નાક-ગળાના, બાળકોના, સ્ત્રીઓના હાડકાના, માનસિક, ચામડીના, હૃદય રોગના તથા જ્ઞાનતંતુઓના દર્દીના તબીબોની તાતી જરૂરીયાત છે.

### અમ્ફાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે વડા પ્રધાનની બેઠક સાંજના ૪ વાગ્યે શરૂ થઈ છે. તેમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર છે. મંત્રાલયે પશ્ચિમ બંગાળ અને ઓડિશા સરકારોને જારી કરેલા પરામર્શમાં કહ્યું છે કે અમ્ફાન સોમવારે સવારે દક્ષિણ બંગાળની ખાડીના મધ્ય ભાગો અને નજીકના મધ્ય બંગાળની ખાડી ઉપર હાજર છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમ્ફાન એક સુપર ચક્રવાતમાં ફેરવાઈ ગયો છે અને તે ૨૦ મેના રોજ તીવ્ર ચક્રવાતી તોફાનની જેમ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. ભુવનેશ્વર ખાતેના હવામાન વિભાગે કહ્યું છે કે, અમ્ફાન આગામી ૬ કલાકમાં સુપર ચક્રવાત વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. ઓડિશાના ગજપતિ, પુરી, ગંજામ, જગતસિંગપુર અને કેન્દ્રપાડામાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આવતીકાલે બાલાસોર, ભદ્રક, જાજપુર, મયુરભંજ, ખુર્જા અને કટકમાં વરસાદ વધી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાતથી દરિયાકાંઠાના ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારે પવન સાથે ભારે વરસાદ થશે. જ્યારે ઓડિશા સરકાર સંવેદનશીલ વિસ્તારોમાં રહેતા ૧૧ લાખ લોકોને સ્થળાંતર કરવાની તૈયારી કરી રહી છે, ત્યારે પશ્ચિમ બંગાળ સરકારે દરિયાકાંઠાના જિલ્લાઓ માટે ચેતવણી જાહેર કરી રાહત ટીમો મોકલી આપી છે. હવામાન વિભાગે પશ્ચિમ બંગાળ માટે ઓરેન્જ ચેતવણી જારી કરી છે અને કહ્યું છે કે અમ્ફાન બંગલાદેશના હતિયા આઈલેન્ડ અને પશ્ચિમ બંગાળના દિખા વચ્ચે, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ દરિયાકાંઠો વચ્ચે, ૨૦ મેના રોજ બપોર કે સાંજ દરમિયાન ખૂબ જ તીવ્ર વાવાઝોડું પસાર થશે. આ સમય દરમિયાન પવન ૧૫૫-૧૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે હશે, જે કોઈપણ સમયે ૧૮૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પકડી શકે છે.

### નવ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્થામાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ આ યુવાનના પરિવારની પાંચ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કર્યા છે.

તંત્રને આજે સે. ૨૭ ની પોલીસલાઈનમાં રહેતો અને સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ વિસ્તારમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. તંત્રએ આ વિસ્તારમાં ક્વોરોન્ટાઈન કરવાની તેમજ સેનીટાઈઝેશન અને સર્વેલન્સની કામગીરી હાથ ધરી દીધી છે.

આ ઉપરાંત સે. ૧૩-એ માંથી આજે ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે તેમના ઘરે અમદાવાદથી કેટલાક સગા સંબંધીઓ આવ્યા હતા. તંત્રે આ દર્દીના સંપર્કમાં આવેલ ૧૦ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કર્યા હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સે. ૩-સી ખાતેથી પણ વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળ્યો છે. આ દર્દીના પત્ની અમદાવાદ ખાતે સિવિલમાં આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. તેઓની સાથે સંપર્કમાં આવેલ બે વ્યક્તીઓને પણ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

શહેરમાં ફરીથી કોરોનાના કેસોએ દેખા દેતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે લોકલ ટ્રાન્સમિશનના કેસો વધુ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. તંત્ર દ્વારા સેનીટાઈઝેશન તેમજ હેલ્થ સર્વે હાઉસ ટુ હાઉસ વધુ સઘન કરવાની વ્યુહરચના અપનાવી છે.

જો કે ગાંધીનગર શહેરના એન્ટ્રી પોઈન્ટ પર આરોગ્યની ટીમ દ્વારા તપાસ કરવામાં આવશે તેમજ આવશ્યક સેવા સિવાયના લોકોની અવરજવરમાં કોઈ છુટછાટ હમણાં નહિ અપાય તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

### ગ્રામ્ય વિસ્તારમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામીણ વિસ્તારમાં ૮૦ ટકા જેટલા લોકલ ટ્રાન્સમિશન અને અમદાવાદ કનેક્શનને કારણે થયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસોમાંથી એક મહિલા દર્દીનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાથી મરનાર દર્દીઓની સંખ્યા ૭ પર પહોંચી છે.

જિલ્લામાં ૭ વ્યક્તીઓના મોત થયા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૪, કલોલ તાલુકાના બે અને દહેગામના ૧ દર્દીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના વધુ બે દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૧૧૭ વ્યક્તીઓના ટેસ્ટ કરવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. નવા-નવા ગ્રામીણ વિસ્તારોમાંથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૨૨૧૧ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાંથી ૫૧ કેસ, કલોલમાંથી ૨૩ કેસ, દહેગામમાંથી ૧૬ કેસ અને માણસામાંથી ૮ કેસ કોરોનાના મળી આવ્યા છે.

### શું-શું છૂટ અપાઈ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમગ્ર રાજ્યમાં કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાય કાર્યરત કરી શકાશે

- પ્રાયવેટ કાર અને ટૂ વ્હીલર્સને કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં છૂટછાટ મળશે
- ટૂ વ્હીલરમાં એક જ વ્યક્તિ અને ફોર વ્હીલરમાં ડ્રાયવર ઉપરાંત બે વ્યક્તિઓ અવર – જવર કરી શકશે
- સુરતમાં ઓડ – ઈવન નંબર પ્રમાણે ટેક્ષટાઈલ માર્કેટ ચાલુ કરી શકાશે
- ડાયમન્ડ, વિવિંગ અને પાવર લૂમ્સ યુનિટોને પણ ૫૦ ટકા સ્ટાફ સાથે ચાલુ કરવા દેવાશે પરંતુ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું આવશ્યક રહેશે
- સમગ્ર ગુજરાતમાં માલવાહક વાહનો ગુડ્‌સ ટ્રાન્સપોર્ટને પરવાનગી આપવામાં આવશે
- આ સૂચનાઓ – ગાઈડલાન્સ ૧૯મી મે મંગળવારથી ૩૧મી મે રવિવાર સુધીના સમય માટે અમલમાં રહેશે
- આ બધી જ સૂચનાઓ સાથો સાથ સમગ્ર ગુજરાતમાં જાહેરમાં થૂંકનારા વ્યક્તિને ૨૦૦નો દંડ કરાશે તેમજ જાહેરમાં માસ્ક નહિં પહેરનારાઓને પણ ૨૦૦ રૂપિયા દંડ કરાશે.

### મોરચો માંડ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તપાસ કરવાની ડિમાન્ડ કરવામાં આવી છે. ડબલ્યુએચઓના એક્ઝિક્યુટીવ બોર્ડની કમાન સોમવારે ભારતના હાથમાં હશે. દુનિયાના ઘણા દેશ કોરોના ફેલાવવામાં ચીનની ભૂમિકા પર શંકા વ્યક્ત કરી ચૂક્યા છે. પરંતુ ભારત અત્યાર સુધી તેનાથી બચતું આવ્યું છે. જો કે પીએમ નરેન્દ્ર મોદીએ ડબલ્યુએચઓ રિફોર્મ્સની વાત કરી હતી. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તો ડબલ્યુએચઓને ચીનની કઠપૂતળી જણાવ્યું હતું. જો કે ઈયુના પ્રસ્તાવમાં ચીન અથવા વુહાનનું નામ નથી. તેને ચીનના મિત્ર રશિયાનું સમર્થન મળ્યું છે. ઈયુ અને ઓસ્ટ્રેલિયા ઉપરાંત પ્રસ્તાવના સમર્થનમાં જાપાન, ન્યુઝીલેન્ડ, બ્રાઝિલ, સાઉથકોરિયા, યુકે જેવા દેશો સામેલ છે.